સાબરકાંઠામાં બીજા દિવસે ધો. ૯ થી ૧૨ ના ૨૦ હજાર વિદ્યાર્થીઓને કોરોના રસીનું કવચ

રાજ્યકક્ષાએથી મળેલા લક્ષ્યાંક કરતાં વધુ સારી કામગીરી : ૨ દિવસમાં ૪૨,૩૪૫ વિદ્યાર્થીઓને રસી મૂકાઈ

બાયડ, તા. ૬

સાબરકાંઠાના શૈક્ષણિક સંકુલોમાં બીજા દિવસ મંગળવારે ૧૫ થી ૧૮ વર્ષના ધો. ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા ૨૦,૦૫૩ વિદ્યાર્થીઓને કોરોના રસીનું કવચ આપવામાં આવ્યું હતું. રાજ્યકક્ષાએથી દરરોજ ૧૯,૦૬૮ના લક્ષ્યાંક સામે જિલ્લામાં આરોગ્ય વિભાગની નેત્રદિપક કામગીરીની રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા નોંધ લેવાઈ રહી છે. ગતરોજ વેક્સિન લીધા પછી કેટલાક છાત્રોને સામાન્ય તાવ આવ્યાની જૂજ ફરિયાદો સાંભળવા મળી છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૨ દિવસમાં ધો. ૯ થી ૧૨ના ૪૨,૩૪૫ વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તા. ૪ જાન્યુઆરીએ હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, વડાલી, પોશીના અને વિજયનગર તાલુકાના ૨૪૫ શાળાઓમાં અભ્યાસ કરતા ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને તા. ૩ જાન્યુઆરીથી કોરોના રસી આપવાની શરુઆત થઈ. પ્રથમ દિવસે ૨૨,૨૯૨ અને બીજા દિવસે ૨૦,૦૫૩ વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી છે. તા.૭ જાન્યુઆરી સુધી શાળાઓમાં રસીકરણનું અભિયાન ચાલુ રહેશે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસ, જિલ્લા આર.સી.એચ.ઓ., નોડલ ઓફીસર ડો.જે.કે. પ્રણામીએ હિંમતનગરની માયઓન તેમજ ઈલોલ હાઈસ્કુલ અને નવયુગ હાઈસ્કુલની મુલાકાત લઈ રસીકરણની કામગીરીને જાતે નિહાળી હતી. વિદ્યાર્થીઓમાં રસી લેવાના ઉત્સાહને પણ અધિકારીઓએ બિરદાવ્યો હતો.

બીજા દિવસે શાળાઓમાં વેક્સિનેશન...

તાલુકો	વિદ્યાર્થીની સંખ્યા
ઈડર	૩૯૩૨
ખેડબ્રહ્મા	૨૦૫૬
તલોદ	૨૧૭૮
પોશીના	૮૬૫
પ્રાંતિજ	૨૨૨૩
વડાલી	૮૫૦
વિજયનગર	૧૫૫૮
હિંમતનગર	૬૩૯૧

દેરોલ પ્રા.શાળાનો બાળક શંકાસ્પદ, રિપોર્ટ ઉપર નજર

સાબરકાંઠામાં કોરોનાના નવા ૬ કેસ, ગાંધીનગરમાંથી જિલ્લામાં વધતું સંક્રમણ

શિક્ષક, બ્યુટીપાર્લર સંચાલિકાઓ, નિવૃત્ત કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત

બાયડ, તા. ૬

સાબરકાંઠામાં મંગળવારે કોરોનાના નવા ૬ કેસ સાથે કુલ એક્ટિવ કેસનો આંકડો ૨૯ ઉપર પહોંચ્યો છે. મોટાભાગના સંક્રમિત લોકોની ટ્રાવેલ હિસ્ટ્રી રાજ્યના પાટનગર ગાંધીનગર સાથે સંબંધિત હોવાનું બહાર આવ્યું છે. નવા નોંધાયેલા કેસમાં શિક્ષક, ૨ બ્યુટીપાર્લર સંચાલિકાઓ તેમજ બી.એસ.એન.એલ.ના નિવૃત્ત કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા હોવાનું જણાતાં તમામ દર્દીઓને હોમ આઈસોલેશન રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા તમામ પરિવારોને કન્ટેન્ટમેન્ટ ઝોનનો ચૂસ્ત અમલ કરવા કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં પ્રજામાં હવે ત્રીજી લહેર બીજી લહેર કરતાં પણ વધુ ઘાતક તો સાબિત નહીં થાય ને..?? તેવી અંદેશા સતાવી રહી છે. ગત રોજ દેરોલ પ્રા.શાળાનાં શિક્ષિકા કોરોના સંક્રમિત થયા પછી મેડીકલ ટીમો દ્વારા શાળા સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહિત ૧૨૬ની આરોગ્ય ચકાસણી કરવામાં આવી જેમાં એક બાળક શંકાસ્પદ જણાતાં તેના આર.ટી.પી.સી.આર. રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. જ્યારે તલોદ તાલુકાના આંજણા ગામના શિક્ષક કોરોના સંક્રમિત થયા છે પરંતુ શાળા બંધ હોવાના કારણે આરોગ્યતંત્રએ રાહત અનુભવી છે. હિંમતનગરના રમેશ ટાવરમાં બ્યુટી પાર્લરનો વ્યવસાય કરતી બે મહિલાઓ કોરોનાથી સંક્રમિત થતાં બ્યુટીપાર્લરની મુલાકાત લેનારી શહેરની અસંખ્ય મહિલાઓની ઉંઘ હરામ થઈ છે. હિંમતનગર શહેરમાં જે રીતે ચારેય દીશાઓમાં કોરોનાનું સંક્રમણ પ્રસરી રહ્યું છે તે જોતાં પ્રજાએ જાતે જ સાવધ રહેવાની જરુર છે. જ્યારે બી.એસ.એન.એલ.માં ફરજ બજાવતું દંપતિ તેમનો પુત્ર ગાંધીનગર ગીફ્ટ સીટીમાં ફરજ બજાવે છે તેના સંપર્કમાં આવ્યા પછી સંક્રમિત થયાની આશંકા વ્યક્ત થઈ છે. નવા નોંધાયેલા ૬ કેસમાં હિંમતનગરના ૪ તેમજ ખેડબ્રહ્માના પટેલ ફળીયા વિસ્તાર અને તલોદના આંજણામાં ૧-૧ કેસ નોંધાયાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

જન્મદિને વધામણી

સુનિલ આચાર્ય
પત્રકાર
માઉન્ટ આબુ



કિરણ ધીરુભાઈ પટેલ
આકુંદ તા.ધનસુરા

રાજેશ ભવરલાલ શાહ
આકુંદ તા. ધનસુરા



મુકુંદભાઈ એન.પટેલ
એડવોકેટ
ઋષિ કુંજ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

જીજ્ઞાશાબેન કૌશિકભાઈ પંચાલ
સંગઠન પ્રમુખ,બાયડ શહેર
ભાજપ મહિલા મોરચો
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી

નવા યુવા મતદારો ગેમ ચેન્જર બનવાની સંભાવના

સાબરકાંઠા જિલ્લાની ૪ વિધાનસભા બેઠકમાં ૨૭ હજાર મતદારો વધ્યા

પુરૂષ કરતાં સ્ત્રી મતદારોની નવા મતદારોમાં સંખ્યા વધી

બાયડ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાની ૪ વિધાનસભા બેઠકમાં ૨૬,૭૬૫ નવા મતદારોનો ઉમેરો થયો છે. પુરૂષ કરતાં સ્ત્રી મતદારોની સંખ્યા વધુ છે. આગામી વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં નવા યુવા મતદારો ગેમ ચેન્જર બનવાની પૂરેપૂરી સંભાવના છે. આગામી તા. ૫ જાન્યુઆરીના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થવાની છે.

ચૂંટણી આયોગ દ્વારા લાયકાત ધરાવતા લોકો મતાધિકારથી વંચિત ન રહી જાય તે માટે દર વર્ષે મતદાર યાદી સુધારણા અને સંક્ષિપ્ત સુધારણા યાદીના કાર્યક્રમો આયોજીત થતા હોય છે તેમ છતાં અનેક મતદારો પાસે તેમની બેકાળજીના કારણે ચૂંટણી કાર્ડ અને મતાધિકારથી વંચિત રહી જાય છે. ગત તા. ૧ નવેમ્બર-૨૦૧૧ થી મતદાર યાદી સુધારણા અભિયાન સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં યોજવામાં આવી. જેમાં ૧૮ વર્ષની વય પ્રાપ્ત કરનારા લાયકાત ધરાવતા લોકોને મતાધિકાર મળે તેવા પ્રયાસ એકંદરે સફળ રહ્યા. સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ એમ કુલ-૪ વિધાનસભા બેઠક ઉપર કુલ૨૬,૭૬૫ નવા મતદારોનો ઉમેરો થયો છે. જ્યારે થર્ડ ઝેન્ડર ૨ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે. સમગ્ર જિલ્લામાં મતદાર સુધારણા અભિયાન દરમ્યાન નોંધવા લાયક બાબત એ હતી કે યુવા મતદારોમાં પુરુષ કરતાં મહિલા મતદારો વધુ છે. નવા નોંધાયેલા મતદારોમાં ૧૨,૦૫ પુરુષ અને ૧૪,૧૬૧ મહિલા મતદારોની નોંધણી થઈ છે.

વિધાનસભા વિસ્તારના નવા મતદારો...

વિધાનસભા	પુરૂષ	સ્ત્રી
૨૭-હિંમતનગર	૨૧૯૨	૨૫૧૩
૨૮-ઈડર	૨૭૧૩	૩૧૫૦
૨૯-ખેડબ્રહ્મા	૫૯૭૩	૬૦૮૮
૩૦-પ્રાંતિજ	૧૭૨૭	૨૪૧૦

અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન દ્વારા

વડાપ્રધાનના દિર્ઘાયુ આયુષ્ય માટે મહામૃત્યુંજય જપનો ધાર્મિક કાર્યક્રમ

ભિલોડા આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસમાં યોજાયો

ભિલોડા,તા.૦૬

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિર્ઘાયુ આયુષ્ય માટે મહામૃંત્યુંજય જપનો અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન દ્વારા ભિલોડા આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસમાં ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પંજાબ રાજ્યના ભટીંડા થી હુસૈનીવાલામાં રાષ્ટ્રિય શહીદ સ્મારક જતા હતા ત્યારે તેમના કાફલાને ખેડુતો અને પ્રદર્શનકારીઓ દ્વારા રસ્તો રોકયો હતો.વડાપ્રધાનનો કાફલો ૧૫ થી ૨૦ મીનીટ સુધી ફસાયો હતો.આ

સમગ્ર ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે ત્યારે સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યો હતો.

અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ,અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય નીલાબેન મડીયા, રસીકાબેન ખરાડી, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિલાલ પટેલ, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન તબીયાર, તાલુકા પંચાયત સદસ્ય ધનજીભાઈ નિનામા,અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપ પ્રમુખ મનોજભાઈ પટેલ,અનિલભાઈ પટેલ, મહામંત્રી જગદિશભાઈ ભાવસાર સહિત જીલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષ

નો ૧૪ મો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં બાલીસણા ગામ સહિત આજુબાજુમાં રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો

પ્રાંતિજ ના બાલીસણા ખાતે આવેલ પ્રકાશ હાઈસ્કુલ ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વર્ષ નો ૧૪ મો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં બાલીસણા ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ- ૬૪૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૩૫૧ વ્યક્તિ ઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૯૩ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે મોતીયા તથા વેલ નુ વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધી ની સગવડ પણ પુરી પાડવામાં આવશે તો સમગ્ર કેમ્પ નું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર કરવામાં આવ્યું હતું તો કેમ્પ ને સફળબનાવવા માટે પ્રકાશ હાઈસ્કુલ આચાર્ય તથા સ્ટાફ દ્વારા સહિયોગ પુરો પાડવામાં આવ્યો હતો.

પ્રાંતિજ સહિત તાલુકામાં વીજ કંપનીના દરોડાઃ સવા ત્રણ લાખની વીજ ચોરી ઝડપાઈ

પ્રાંતિજ-હિંમતનગરની છ ટીમ બનાવી ૯૦૦ કનેક્શન ચેક કર્યા : મકાનો, દુકાનો, બોર કુવાના કનેક્શનનો ચેક કર્યા : પ્રાંતિજ તથા તાલુકામાંથી ૧૨ વીજ ચોરી ઝડપાઇ : વીજ કંપનીના દરોડાથી વીજચોરી કરતા લોકોમા ભયનો માહોલ

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા મા વહેલી સવારે પ્રાંતિજ-હિંમતનગર ની વીજ ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાતા પ્રાંતિજ અને તાલુકામાંથી સવા ત્રણ લાખ ની ૧૨ જગ્યાએથી વિજચોરી ઝડપી પાડી હતી. પ્રાંતિજ ખાતે કાર્યરત વીજ કંપની તથા હિંમતનગર વીજ કંપની દ્વારા પ્રાંતિજ સહિત તાલુકામાં થઈ રહેલી વીજ ચોરી ઝડપી પાડવા છ ટીમો બનાવવામા આવી હતી જેમા પ્રાંતિજ ની એક ટીમ તથા હિંમતનગર ની પાંચ ટીમ મળી ને પ્રાંતિજ સહિત તાલુકામા છ ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાઈ હતી જેમા મકાનો , દુકાનો , બોર કુવા સહિત ના ૯૦૦ જેટલા વીજ કનેકશનો ચેક કરવામા આવ્યા હતા જેમા પ્રાંતિજ તથા તાલુકા માથી વીજ કંપની દ્વારા ૧૨ જગ્યાએથી વીજ ચોરી ઝડપી પાડી હતી અને વીજ જોડાણ કાપી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી જેમા સવા ત્રણ લાખ ની વીજ ચોરી ઝડપી પાડી હતી તો વીજ કંપની ના દરોડા ને લઈ ને વીજ ચોરી કરતા લોકો મા હાલતો ભય નો માહોલ જોવા મલ્યો હતો

ગણપત યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી દ્વારા ત્રણ દિવસના "કેમિસ્ટ્રી-ફેસ્ટિવલ"નું આયોજન

નેનો-મટિરીયલ્સની વિવિધ પાસાઓ ઉપર રાષ્ટ્રીયકક્ષાના નિષ્ણાતોએ વૈજ્ઞાનિક માર્ગદર્શન આપ્યું

ગણપતવિદ્યાનગર, તા. ૬

ગણપત યુનિવર્સિટીની સાયન્સ કોલેજ ''મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસના રસાયણ વિભાગ દ્વારા તાજેતરમાં એક ત્રિ-દિવસીય ''કેમ-ફેસ્ટ : ૨૦૨૧''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને 'નેનો-મટિરીયલ્સ' ઉપરના રાષ્ટ્રીયકક્ષાના પરિસંવાદ અને 'વૈજ્ઞાનિક સ્પર્ધાઓ' એમ બે ભાગમાં વહેંચી દેવામાં આવ્યું હતું. કુલ છ થી વધુ સત્રોમાં પથરાયેલા આ નેનો-મટિરીયલ્સ પરિસંવાદમાં રાષ્ટ્રની વિવિધ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીયકક્ષાની સંસ્થાઓના કેમિસ્ટ્રી વિષયના નિષ્ણાતો તેમજ અલગ અલગ યુનિવર્સિટીઓ અને ઈન્સ્ટિટ્યૂટસના કુલ મળીને ૩૦૦થી વધુ અભ્યાસુ અને સંશોધન વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગણપત યુનિવર્સિટીની આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીયકક્ષાની સમગ્ર ઈવેન્ટને વિવિધ સંસ્થાઓનો સહયોગ સાંપડ્યો હતો.

ગણપત યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના એક્ઝિક્યુટિવ ડીન પ્રો. ડૉ. એસ.એસ. પંચોલી અને સાયન્સ ફેકલ્ટીના ડીન તેમજ પ્રિન્સિપાલ પ્રો. ડૉ. અમિત પરીખે એમના સ્વાગત પ્રવચનમાં આયોજનની ભૂમિકા સમજાવીને નેનો મટિરીયલ્સની આજની રોજબરોજની જિંદગીમાં શું ઉપયોગિતા છે તે વિગતે જણાવ્યું હતું.

ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચિફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં જરૂરી સંસાધનોનો

મહત્તમ ઉપયોગ કરવાની ભલામણ કરતા શીખ આપી હતી કે 'કારકિર્દીના ઘડતર દરમિયાન' ચારિત્ર્ય ઘડતરને કેન્દ્રમાં રાખવું જોઈએ. એમણે વિદ્યાર્થીઓને સતત નવું નવું શીખતા રહેવાની માનસિકતા કેળવવા પણ અનુરોધ કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમના મુખ્ય અતિથિ અને ગુજરાત કેમિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. જૈમિન વસાએ વિદ્યાર્થીઓને જિજ્ઞાસુવૃત્તિ અને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા અનુરોધ કર્યો હતો. એમણે પર્યાવરણની જાળવણી અને સમાજના ઉત્કર્ષ માટે 'ગ્રીન કેમિસ્ટ્રી' ઉપર ભાર મુક્યો હતો. એમણે યુનિવર્સિટીમાં ગ્રીન કેમેસ્ટ્રી ઉપર આધારિત અભ્યાસ, સંશોધનો અને પ્રોજેક્ટ્સ વિકસાવવા ઉપર વિશેષ ભાર મુક્યો હતો.

નેનો મટિરીયલ્સ ઉપરના આ રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદ દરમિયાન સેન્ટ્રલ યુનિવર્સિટી, ગુજરાતના વૈજ્ઞાનિક ડૉ. માનસિંહએ 'નેનો ફોર્મ્યુલેશનની ફિક્કોહોસિટી' ઉપર, આઈઆઈટી, ગાંધીનગરના પ્રોફેસર ડૉ. ભાસ્કર દત્તાએ 'નેનો બાયોકેટાલિસ્ટ' ઉપર, પીડીઈયુના પ્રો. ડૉ. કાલીસદન મુખર્જીએ 'નેનો સ્ટ્રકચર્ડ મેટલ ઓક્સાઈડસ' ઉપર, એનઆઈપીઈઆર ગવાહાટીના ડૉ. હિતેશ કુલ્હારીએ 'નેનો પાર્ટિકલ્સ ઓન કેન્સર થેરાપ્યુટિક્સ' અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચના ડૉ. આલોક પંડ્યાએ 'પેપર આધારિત નેનો-ડિવાઈસ' અને ડૉ. કેયુર ભટ્ટે 'ઓર્ગેનિક પ્રતિક્રિયાઓ માટે નેનો-ઉત્સ્પ્રેરક' ઉપર પોતાના સંશોધનો વિષે ચર્ચા કરી હતી, જેના દ્વારા વિદ્યાર્થીઓને વિશદ જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

આ પરિસંવાદ ઉપરાંત આ કાર્યક્રમ દરમિયાન સંસ્થાના તેમજ ગુજરાતની અલગ અલગ ઈન્સ્ટિટ્યૂટ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વચ્ચે વિવિધ રસપ્રદ વૈજ્ઞાનિક સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેનાં પોસ્ટર પ્રેઝન્ટેશન, ઓરલ પ્રેઝન્ટેશન, કેમિસ્ટ્રી એક્સિપેરિમેન્ટસ, ગ્રુપ ડિસકશન, એસે રાઈટિંગ, શિઘ્ર વક્તૃત્વ જેવી સ્પર્ધાઓનું પણ આયોજન થયું હતું.

ગણપત યુનિવર્સિટીની સાયન્સ કોલેજ 'મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ'ના કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના હેડ પ્રો. ડૉ. કેયુર ભટ્ટ તેમજ પ્રો. ડો. હસિત વાઘાણીએ કાર્યક્રમનું સુપેરે સંચાલન કર્યુ હતુ તો સાથી પ્રાધ્યાપક મિત્રોએ મહત્વનો સહયોગ પૂરો પાડ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૧૯ જાન્યુઆરી-૨૦૨૨ સુધી પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

બાયડ તા.૬,

જીલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે ૬ જાન્યુંઆરી -૨૦૨૨ ના કલાક ૦૦-૦૦થી તા. ૧૯ જાન્યુંઆરી -૨૦૨૨ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .એન.ડી. પરમાર અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે.

જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઈ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઈ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઈ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યકિતઓ, કોઈ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.